Tuesday
24.03.2026
✳Volume :10 ✳ Issue No.256
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત                વંદે માતરમ્

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કેન્દ્રીય જળ શકિત મંત્રીએ વિશ્વ જળ દિવસ પર જલ મહોત્સવ ૨૦૨૬ના સમાપન પ્રસંગે જલ જીવન મિશન ૨.૦ની માર્ગદર્શિકા ડિજિટલી લોન્ચ કરી

## આ પ્રસંગે, ૫ રાજ્યોના ૫ ગામોના સમુદાય સાથે પમો સુજલ ગ્રામ સંવાદ યોજાયો જેમણે પાયાના સ્તરના અનુભવો શેર કર્યા

કમલમ્,

પેયજલ અને સ્વચ્છતા વિભાગ (DDWS), જળ શક્તિ મંત્રાલયે વિશ્વ જળ દિવસના અવસરે સુજલ ગ્રામ સંવાદની સાથે જલ મહોત્સવ ૨૦૨૬ ના સમાપન પર જલ જીવન મિશન (JJM) 2.0 ની કાર્યકારી માર્ગદર્શિકા બહારપાડી હતી. જલ મહોત્સવ ૨૦૨૬ એ ૮ માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસથી ૨૨ માર્ચ, વિશ્વ જળ દિવસ સુધીના ૧૫ દિવસીય દેશવ્યાપી અભિયાન તરીકે મનાવવામાં આવ્યો હતો, જે વ્યાપક સમુદાય ભાગીદારી અને દેશભરની ગ્રામ પંચાયતોને પીવાના પાણીની અસ્કયામતોના 'જલ અર્પણ' દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યો હતો. સમાપન સમારોહમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ અને જળ શક્તિ રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાની હાજરીથી ગૌરવ વધ્યું હતું, જેઓ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલી જોડાયા હતા. આ પ્રસંગે, જલ મહોત્સવ ૨૦૨૬ પર એક વીડિયો રિલીઝ કરવામાં આવ્યો હતો, જેમાં અભિયાન દરમિયાન પ્રતિષ્ઠિત નેતાઓ દ્વારા આપવામાં આવેલી મુખ્ય પ્રવૃત્તિઓ અને સંદેશાઓ દર્શાવવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી દ્વારા JJM 2.0 ઓપરેશનલ ગાઈડલાઈન્સના ઈ-રિલીઝ એ ડિસેમ્બર ૨૦૨૮ સુધી જલ જીવન મિશનના વિસ્તરણ માટે કેબિનેટની મંજૂરી બાદ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જેમાં માળખાકીય સુધારાઓ અને ગ્રામીણ પીવાના પાણીની પ્રણાલીઓની લાંબા ગાળાની સ્થિરતા પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સભાને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, જલ જીવન મિશન એ માત્ર નળ કનેક્શન આપવાની યોજના નથી, પરંતુ એક એવું મિશન છે જેણે ગ્રામીણ ભારતમાં ખાસ કરીને મહિલાઓ અને બાળકોના જીવનમાં ગૌરવ, આરોગ્ય અને જીવનની સરળતા (ease of living) સુનિશ્ચિત કરીને પરિવર્તન લાવ્યું છે. જ્યારે જલ જીવન મિશનના પ્રથમ તબક્કાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપી વિસ્તરણ હાંસલ કર્યું છે, ત્યારે જમીન પરના અનુભવે સ્પષ્ટપણે બતાવ્યું છે કે સ્થિરતા, કાર્યક્ષમતા અને સેવા વિતરણ હવે કેન્દ્રબિંદુ હોવા જોઈએ. આ ઉદ્દેશ્ય સાથે જ સરકારે જલ જીવન મિશન ૨.૦ ને મંજૂરી આપી છે, જેમાં માળખાકીય સુધારાઓ અને જવાબદારી પર નવેસરથી ભાર મૂકીને મિશનને ડિસેમ્બર ૨૦૨૮ સુધી લંબાવવામાં આવ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે ગ્રામીણ ઘરોને લાંબા ગાળાના ધોરણે નિયમિત, પર્યાપ્ત અને સુરક્ષિત પીવાનું પાણી મળે. કેન્દ્રીય મંત્રી શ્રી પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીએ સલાહ આપી છે કે 'જલ સંચય સે જન ભાગીદારી' ને મજબૂત કરવા માટે દેશભરમાં જલ ઉત્સવ અને નદી ઉત્સવ જેવા કાર્યક્રમો ઉજવવા જોઈએ, જેથી જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન માત્ર સરકાર સંચાલિત કવાયતને બદલે લોકોની આગેવાની હેઠળનું આંદોલન બને. તેમણે કહ્યું કે ૮ માર્ચથી ૨૨ માર્ચ સુધી ઉજવવામાં આવેલા જલ મહોત્સવ ૨૦૨૬ એ આ વિઝનને અસરકારક રીતે કાર્યમાં પરિવર્તિત કર્યું છે, જેમાં સમગ્ર ગ્રામીણ ભારતમાં વ્યાપક સમુદાય ભાગીદારી, જાગૃતિ પ્રવૃત્તિઓ અને જળ સંરક્ષણ અને ટકાઉ જળ વ્યવસ્થાપન તરફ સામૂહિક પ્રયાસો જોવા મળ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સમુદાયની માલિકી, જવાબદારી અને લાંબા ગાળાની સ્થિરતાને મજબૂત કરવાના આ વ્યાપક સંદર્ભમાં જ સરકારે જલ જીવન મિશન ૨.૦ ને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે JJM 2.0 નો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે ગ્રામીણ ઘરોને લાંબા ગાળાના ધોરણે નિયમિત, પર્યાપ્ત અને સુરક્ષિત પીવાનું પાણી મળે, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર-નિર્માણ અભિગમથી સેવા-વિતરણ-લક્ષી મોડલ તરફ નિર્ણાયક રીતે આગળ વધે છે. રિફોર્મ-લિંક્ડ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoUs) પર બોલતા, કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે જલ જીવન મિશન ૨.૦ હેઠળ પરિકલ્પિત માળખાકીય સુધારાઓના અસરકારક અમલીકરણની ખાતરી કરવા માટે રાજ્યો સાથે MoUs પર હસ્તાક્ષર કરવામાં આવી રહ્યા છે અને જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં નવ રાજ્યોએ જલ મહોત્સવ ૨૦૨૬ દરમિયાન રૈંજ પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે વધુમાં ભાર મૂક્યો હતો કે રાજ્યો, જિલ્લાઓ અને ગ્રામ પંચાયતોએ હવે આ સુધારાઓને જમીન પર મૂર્ત પરિણામોમાં પરિવર્તિત કરવા માટે ગાઢ સંકલનમાં કામ કરવું જોઈએ. આ પ્રસંગે બોલતા, જળ શક્તિ રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાએ જણાવ્યું હતું કે જલ મહોત્સવ ૨૦૨૬ એ દેશવ્યાપી જન ભાગીદારી ચળવળમાં વિકસિત થયો છે, જેમાં સામુદાયિક બેઠકો, જાગૃતિ અભિયાનો, શાળાઓનું જોડાણ અને દેશભરની ગ્રામ પંચાયતોને અસ્કયામતોનું 'જલ અર્પણ' જોવા મળ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જળ સંરક્ષણ અને પીવાના પાણીની સેવા વિતરણ માત્ર અભિયાનના સમયગાળા પૂરતું મર્યાદિત હોઈ શકે નહીં પરંતુ તે તમામ હિતધારકોની દૈનિક સામૂહિક જવાબદારી બનવી જોઈએ. પ્રધાનમંત્રીના નેતૃત્વનો ઉલ્લેખ કરતા શ્રી સોમન્નાએ કહ્યું કે સુરક્ષિત પીવાનું પાણી સુનિશ્ચિત કરવું એ રાષ્ટ્રીય પ્રાથમિકતા બની ગઈ છે અને જલ મહોત્સવ ૨૦૨૬ એ દેશભરમાં સમુદાયની ભાગીદારીને વધુ મજબૂત બનાવી છે. તેમણે જલ જીવન મિશન ૨.૦ ની મંજૂરી પર પણ પ્રકાશ પાડ્યો હતો. રાજ્ય મંત્રી શ્રી સોમન્નાએ વધુમાં પાણીની ગુણવત્તા, સ્થિરતા અને સામુદાયિક માલિકીના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ગામ સ્તરે જળ વ્યવસ્થાપનને મજબૂત કરવા માટે એક મુખ્ય પહેલ તરીકે 'સુજલ ગ્રામ સંવાદ' પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો કે જલ જીવન મિશન એ 'હર ઘર જલ' હાંસલ કરવા અને વિકસિત ભારત @2047 ના વિઝનમાં યોગદાન આપવા માટેનું એક લોક આંદોલન છે. પોતાના પ્રારંભિક વક્તવ્યમાં, સચિવ, DDWS, શ્રી અશોક કે.કે. મીનાએ હાઈલાઈટ કર્યું હતું કે જલ મહોત્સવ દરમિયાન જળ સ્રોતો અને ટાંકીઓની મોટા પાયે સફાઈ અને ફિલ્ડ ટેસ્ટ કિટ દ્વારા પાણીની ગુણવત્તા ચકાસણી જેવી વ્યાપક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. તેમણે નોંધ્યું હતું કે સમુદાયો અને પંચાયતો દ્વારા સહભાગિતાનું પ્રમાણ જળ વ્યવસ્થાપનને લોક ચળવળ બનાવવાની વધતી ગતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે JJM 2.0 ઓપરેશનલ ગાઈડલાઈન્સ ગ્રામીણ પીવાના પાણીની સેવાઓના શાસનને મજબૂત કરવા માટે સ્પષ્ટ અને વ્યાપક રોડમેપ પૂરો પાડે છે. JJM 2.0 હેઠળ હાઈલાઈટ કરાયેલા મુખ્ય સુધારા ક્ષેત્રોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

નિર્ધારિત કામગીરીના ધોરણો સાથે ખાતરીપૂર્વક સેવા વિતરણ

રાજ્ય, જિલ્લા અને ગ્રામ પંચાયત સ્તરે સ્પષ્ટ જવાબદારી

સ્રોત સંરક્ષણ, જળ સંરક્ષણ અને સામુદાયિક માલિકી દ્વારા લાંબા ગાળાની સ્થિરતા

માર્ગદર્શિકા એ વાતને પણ પુનઃપુષ્ટ કરે છે કે સ્રોતની સ્થિરતા વિના જળ સેવાઓ ભરોસાપાત્ર બની શકતી નથી, અને તેથી જળ સંરક્ષણ, વરસાદી પાણીના સંગ્રહ, ગ્રે વોટર મેનેજમેન્ટ અને એક્વિફર રિચાર્જ પર અભિમુખતા માટે આહવાન કરે છે. સુજલ ગ્રામ સંવાદ ગામડાઓના અવાજને રાષ્ટ્રીય મંચ પર લાવે છે આ દિવસની એક મહત્વપૂર્ણ હાઈલાઈટ પમો સુજલ ગ્રામ સંવાદ હતો, જ્યાં પાંચ રાજ્યોની પાંચ ગ્રામ પંચાયતોના ગામડાઓના પ્રતિનિધિઓએ પીવાના પાણીની સેવાઓના સંચાલનના તેમના પ્રથમ હાથના અનુભવો શેર કર્યા હતા. આ વાતચીતે દર્શાવ્યું હતું કે ત્તત્તસ ૨.૦ સુધારાઓ માત્ર નીતિ-સ્તરના વિચારો નથી, પરંતુ તે પહેલાથી જ ગ્રામ-સ્તરના શાસનને આકાર આપી રહ્યા છે, જેમાં સમુદાયો જળ પ્રણાલીઓની માલિકી લઈ રહ્યા છે.

ઉત્તરાખંડઃ ગામ-હતનૂર, જીપી-હતનૂદ, જિલ્લો- પૌડી ગઢવાલ

સંવાદની શરૂઆત ઉત્તરાખંડના હતનૂર ગામથી થઈ હતી, જ્યાં ડાયરેક્ટર, NJJM, DDWS એ સરપંચ, આંગણવાડી કાર્યકર, શાળાના વિદ્યાર્થીઓ અને પંપ ઓપરેટર સાથે વાતચીત કરી હતી. સરપંચે નિયમિત પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરતી 24x7 ગ્રેવિટી-આધારિત પાણી પુરવઠા પ્રણાલીના સફળ અમલીકરણ પર પ્રકાશ પાડ્યો હતો. આંગણવાડી કાર્યકરે માહિતી આપી હતી કે ફિલ્ડ ટેસ્ટ કિટનો ઉપયોગ કરીને પાણીની ગુણવત્તાનું નિયમિત પરીક્ષણ કરવામાં આવે છે. પંપ ઓપરેટરે શેર કર્યું કે ભારે વરસાદ છતાં ગામની O&M ટીમે તુરંત પુરવઠો પુનઃસ્થાપિત કર્યો હતો.

હરિયાણાઃ ગામ અને જીપી-તેપલા, જિલ્લો - અંબાલા

અંબાલાના તેપલા ગામના લોકોએ જણાવ્યું કે તેઓ ઓપરેશન અને મેન્ટેનન્સ માટે દર મહિને દીઠ ૪૦ યુઝર ચાર્જ તરીકે એકત્રિત કરે છે. જળ શક્તિ મંત્રીએ સરપંચ સાથે વાતચીત કરી પાણીની ઉપલબ્ધતા અને ગુણવત્તા વિશે પૂછપરછ કરી હતી. જવાબમાં જણાવાયું હતું કે તમામ ઘરો ટ્યુબવેલ આધારિત સિસ્ટમ દ્વારા જોડાયેલા છે અને પાણી સુરક્ષિત છે.

છત્તીસગઢઃ ગામ-સાલેભટ્ટ, જીપી - સાલેભટ્ટ, જિલ્લો - કોંડાગાંવ

સરપંચ અને સમુદાયે શેર કર્યું કે મહિલા પ્રતિનિધિઓની સક્રિય ભાગીદારી સાથે તમામ ઘરો, શાળાઓ, આંગણવાડી કેન્દ્રોનેનળના જોડાણોઆપવામાં આવ્યા છે. સમુદાયના સભ્યોએ હાઈલાઈટ કર્યું કે ઓપરેશન અને મેન્ટેનન્સને ટેકો આપવા માટે દર મહિને ઘર દીઠ ૫૦ નો યુઝર ચાર્જ લેવામાં આવે છે.


ઓડિશાઃ ગામ-ભાનગણ, જીપી- ચાંદોલ, જિલ્લો- કેન્દ્રપડા

સચિવ, DDWS, શ્રી અશોક કે. કે. મીનાએ ઓડિયામાં વાતચીત શરૂ કરી હતી. સરપંચે શેર કર્યું કે ગ્રામસભામાં ઘર દીઠ ૫૦ યુઝર ચાર્જતરીકે લેવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીનીઓએ હાઈલાઈટ કર્યું કે ભરોસાપાત્ર પાણી પુરવઠાએ પાણી લાવવાનો બોજ ઘટાડ્યો છે અને શાળામાં હાજરીમાં સુધારો કર્યો છે.

મધ્ય પ્રદેશ- ગામ અને જીપી - હરદોટ, જિલ્લો- રાયસેન

માહિતી આપવામાં આવી હતી કે મોટા પાયે નળના જોડાણો સાથે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ત્યાં હાજર ધારાસભ્યએ પણ હાઈલાઈટ કર્યું કે સુરક્ષિત પાણીની પહોંચથી મહિલાઓનું જીવન સરળ બન્યું છે. સરપંચે શેર કર્યું કે ઓપરેશન અને મેન્ટેનન્સ માટે દર મહિને ૧૦૦ યુઝર ચાર્જ એકત્રિત કરવામાં આવે છે.

JJM, DDWS ના અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર શ્રી કમલ કિશોર સોને મહાનુભાવોનું સ્વાગત કર્યું અને હાઈલાઈટ કર્યું કે JJM 2.0 હેઠળની માર્ગદર્શિકા એ સુરક્ષિત પીવાના પાણીની સતત ડિલિવરી સુનિશ્ચિત કરવા તરફનું એક મુખ્ય પગલું છે. વિશ્વ જળ દિવસ પર જલ મહોત્સવ ૨૦૨૬ ના સમાપન સાથે, મંત્રાલયે તમામ હિતધારકોને 'જલ સંચય સે જન ભાગીદારી' ની ભાવનાને આગળ વધારવા માટે આહવાન કર્યું હતું.



## તંત્રી સ્થાનેથી......

સુરેન્દ્રનગરના આંગણે આયોજિત 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ'માં અનેક ખેડૂતો અને મહિલા ઉદ્યોગસાહસિકો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, જેમાં સુરતની સરદાર પટેલ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી સાથે જોડાયેલા વિશ્વાબેન ગામીતના સ્ટોલે મુલાકાતીઓનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. મિલેટ એટલે કે 'શ્રી અન્ન'ના મહત્વને જન-જન સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે વિશ્વાબેન રાગીમાંથી તૈયાર કરેલી અનેકવિધ પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન અને વેચાણ કરી રહ્યા છે. તેમનો આ પ્રયાસ માત્ર વ્યવસાય પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમાજમાં પરંપરાગત અને શુદ્ધ આહાર પ્રત્યે જાગૃતિ લાવવાનું એક સશક્ત માધ્યમ સાબિત થઈ રહ્યો છે. રાગીના સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપતા વિશ્વાબેન ગામીતે જણાવ્યું હતું કે, રાગી એ માત્ર એક સાધારણ અનાજ નથી પરંતુ કુદરતી પોષક તત્વોનો અખૂટ ખજાનો છે. અન્ય પરંપરાગત ધાન્ય પાકોની સરખામણીમાં રાગીમાં ફાઈબર, કેલ્શિયમ અને પ્રોટીનનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. આજના સમયની બેઠાડું જીવનશૈલી અને ખોટી ખાનપાનની આદતોને કારણે ઉદ્ભવતી ડાયાબિટીસ, હૃદયરોગ અને પાચનની સમસ્યાઓ સામે લડવામાં રાગી અત્યંત મદદરૂપ થાય છે. ખાસ કરીને રાગી પચવામાં ખૂબ જ હલકી અને સ્વાસ્થ્યપ્રદ હોવાથી નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ વયના લોકો માટે તે એક ઉત્તમ અને સંપૂર્ણ આહાર સાબિત થાય છે. આ માર્કેટમાં તેમના સ્ટોલ પર રાગીના લોટમાંથી બનાવેલી નવીન અને સ્વાદિષ્ટ વાનગીઓ જેવી કે રાગીના પૌષ્ટિક લાડુ, ક્રિસ્પી પાપડ, રાગીના ભૂંગળા અને અન્ય મૂલ્યવર્ધિત ઉત્પાદનો શહેરીજનોમાં ભારે આકર્ષણ જમાવી રહ્યા છે. વિશ્વાબેને વધુમાં ઉમેર્યું હતું કે, રાગી જેવા મિલેટ પાકો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા ખૂબ જ ઓછા પાણીમાં અને કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓના ઉપયોગ વગર સરળતાથી ઉગાડી શકાય છે. આ પદ્ધતિ ખેડૂતો માટે ઓછી ખર્ચાળ હોવાની સાથે જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણની જાળવણી માટે પણ અત્યંત અનુકૂળ છે, જે અંતે ગ્રાહકોને ઝેરમુક્ત અને સાત્વિક આહાર પૂરો પાડે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહિમા વંત મહેસાણા અન્વયે જિલ્લાને રૂ. ૯૩૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી

### રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસમાં લગભગ રૂ. ૨૫૦૦ કરોડના કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન થયાઃ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ





### ખેડૂતો માટે રૂ. ૧૧,૦૦૦ કરોડના પેકેજ અને સુદ્રઢ આરોગ્ય-શિક્ષણ સુવિધાઓ સાથે ગુજરાત 'વિકસિત ભારત @2047'ના સંકલ્પ તરફ અગ્રેસરઃ શ્રી ઋષિકેશભાઇ પટેલ

કમલમ્,

મહેસાણા જિલ્લાના વિકાસના ઈતિહાસમાં એક નવું સોપાન ઉમેરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલે આજે વિસનગર ખાતે 'મહિમાવંત મહેસાણા' કાર્યક્રમ અંતર્ગત રૂ. ૯૩૮ કરોડથી વધુના વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીએ વિસનગર અને મહેસાણા જિલ્લા માટે રૂ. ૬૩૦ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત, રૂ. ૧૬૮ કરોડથી વધુના કામોનું ભૂમિપૂજન તેમજ રૂ. ૧૪૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા વિવિધ વિકાસકામો જનતા માટે ખુલ્લા મૂક્યા હતા. આ પ્રકલ્પો મહેસાણા જિલ્લાના સર્વાંગી ઉત્કર્ષ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે તેવી મક્કમતા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

- સગર્ભા માતાઓને આ કાર્યક્રમ દરમ્યાન પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સૌ નાગરિકોએ મુખ્યમંત્રીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં સ્વદેશી અપનાવવાના શપથ લીધા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત આજે ફાઇનાન્શિયલ મેનેજમેન્ટમાં દેશમાં અગ્રેસર છે, જેના પરિણામે આજે ગુજરાતમાં નાણાંની કોઈ તંગી વર્તાતી નથી. મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે મહેસાણા જિલ્લાના વિકાસ માટે સરકાર પાસે ભંડોળની કોઈ કમી નથી અને જિલ્લામાંથી આવતા દરેક વ્યાજબી કામને પ્રાધાન્ય આપી મંજૂર કરવામાં આવશે. રાજ્યના સર્વાંગી વિકાસનો ચિતાર રજૂ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે છેલ્લા ત્રણ દિવસમાં જ ગુજરાતમાં રૂ. ૨૫૦૦ કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. મહેસાણા-પાલનપુર રેલવે લાઈનનું ડબલિંગ અને વર્ષોથી પડતર એવી તારંગા-અંબાજી રેલવે લાઈનને મળેલી મંજૂરી આ વિસ્તારની આર્થિક ગતિવિધિઓને વેગ આપશે. આ ઉપરાંત, વડાપ્રધાનના જન્મસ્થળ વડનગરને વર્લ્ડ ક્લાસ હેરિટેજ ટાઉન તરીકે વિકસાવવાની કટિબદ્ધતા દોહરાવતા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા સ્કૂલ, આર્કિયોલોજીકલ મ્યુઝિયમ અને રેલવે સ્ટેશનના નવીનીકરણનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી ભુપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે મહેસાણા માં ઉત્તર ગુજરાત રીજીયનની રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં થયેલા રૂ. ૩.૨૪ લાખ કરોડના એમઓયુ જિલ્લાના ઔદ્યોગિક ભવિષ્યની ઝાંખી કરાવે છે અને હવે આ જિલ્લો ફૂડ પ્રોસેસિંગ હબ તરીકે પણ ઉભરી રહ્યો છે.

આ પ્રસંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલી વિકાસની મશાલને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેજ ગતિએ આગળ ધપાવી રહ્યા છે. તેમણે સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો આપતા કહ્યું કે રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂ. ૧૧,૦૦૦ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું છે, જે અંતર્ગત મહેસાણાના ખેડૂતોને પાક નુકસાની પેટે રૂ. ૨૫૦ કરોડથી વધુની રકમ સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય માળખું મજબૂત કરતા વિજાપુર અને ખેરાલુને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની ભેટ મળી છે, તેમજ શિક્ષણ ક્ષેત્રે એમ.એન. સાયન્સ કોલેજની સાથે નવીન કોલેજો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે છેવાડાના માનવીના 'ઈઝ ઓફ લિવિંગ'માં સુધારો કરવા માટે સરકાર કટિબદ્ધ છે. શહેરોને વાયર-ફ્રી બનાવવા માટે ઊંઝા સહિતની નગરપાલિકાઓમાં ભૂગર્ભ વીજ લાઈન નાખવાની કામગીરી પૂર્ણતાના આરે છે. મોઢેરાના સૂર્યમંદિર અને વડનગરના ઐતિહાસિક ગૌરવ સાથે આધુનિક સુવિધાઓનો સમન્વય સાધીને ગુજરાત ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં પાયાની ભૂમિકા ભજવશે. કાર્યક્રમની શરૂઆતમાં મહેસાણા કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીને આભારવિધિ કરી હતી. આ ગરિમામય કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી, રાજ્યસભા સાંસદ શ્રી મયંક નાયક, સાંસદ શ્રી હરિભાઈ પટેલ, શ્રી ભરતસિંહ ડાભી, તેમજ ધારાસભ્યો સવશ્રી મુકેશ પટેલ, સી.જે. ચાવડા, કિરીટભાઈ પટેલ, સુખાજી ઠાકોર, સરદારભાઈ ચૌધરી અને રાજેન્દ્રભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે જ દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, અગ્રણીઓ શ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રી વિનોદભાઈ પટેલ તેમજ યુજીવીસીએલના એમડી શ્રી એમ.એફ. ચૌધરી સહિત મોટી સંખ્યામાં નાગરિકો અને અધિકારીઓ સહભાગી થયા હતા.

# સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે વિદ્યાર્થીઓ માટે શપથવિધિ સમારોહ યોજાયો




કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે વિદ્યાર્થીઓ માટે શપથ વિધિ સમારોહનું આયોજન તા.૨૦/૩/૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ સરની પ્રેરણાથી આ શપથવિધિ સમારોહનું ઉદઘાટન શંખનાદ સાથે દીપ પ્રાગટય તથા પ્રાર્થના દ્વારા કરવામમાં આવ્યું હતું. જેમાં ઉદ્ઘાટક તરીકે શ્રી ભાઈલાલભાઈ પટેલ, સી.એ. સંવેદના ફાઉન્ડેશન, મુખ્ય મહેમાન તરીકે ડૉ.મીતા પરીખ, મેડીકલ સુપ્રીટેન્ડેન્ટ, જી.એમ.ઈ.આર. ગાંધીનગર સિવિલ,તથા ડો. હરિપ્રકાશ હડીયાોલ, ડાયરેક્ટર નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ, ખાસ મહેમાન તરીકે ડો.વિપુલા પંડયા, આર.એમ.ઓ ગાંધીનગર સિવિલ, શ્રી ધર્મેન્દ્ર ભોરણીયા, નર્સિંગ સુપ્રીટેન્ડેન્ટ ગાંધીનગર સિવિલ, શ્રીમતી આરાધના, એચ.આર. મેનેજર. ત્રિશા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ,અને શ્રીમતી મમતા ,એ.ઓ. બિંદિયા તિવારી, ડેપ્યુટી નર્સિંગ સુપ્રીટેન્ડેન્ટ ગાંધીનગર સિવિલ, અવધ રાજગુરુ,સી.એ.ઓ.એડવાન્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ગાંધીનગર, શારદાબેન ભગુભાઈ મંગળદાસ પટેલ નર્સિંગ એન્ડ પેરામેડિકલ કોલેજ, કડીના પ્રિન્સીપાલ પ્રો.હિમાલી પ્રજાપતિ તથા ગાંધીનગર સિવિલના વિવિધ વિભાગના ઈન્ચાર્જ નર્સીસ તથા પ્રિન્સિપાલ ડો.રાજેશ રાવલ ,વાઈસ પ્રિન્સિપાલ પ્રો.ભાવિષા પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિધાર્થીઓ દ્વારા ફ્લોરેન્સ નાઈટિંગલની જીવનચર્યા ઉપર રોલ પ્લે કરવામાં આવ્યો હતો. બી એસ સી નર્સિંગ ની ૧૮ મી બેચ, જી એન એમ નર્સિંગ ની ૧૬ મી બેચ તથા એ એન એમ નર્સિંગ ની ૧૪ મી બેચ ના કુલ ૧૨૦ વિધાર્થીઓ એ શપથ ગ્રહણ કર્યા હતા. પ્રિન્સિપાલ ડો.રાજેશ રાવલે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. આસિ. પ્રો. રીમ્પલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા. કોલેજેમાં પ્રથમ,દ્વિતીય ક્રમે આવનાર વિધાર્થીઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનું સંચાલન કૃપાલી વોરા તથા મીનાક્ષી દાસ દ્વારા કરવામાં આવ્યુ હતુ . કાર્યક્રમની આભારવિધિ આસિ. પ્રો. આસ્થા પટેલ દ્વારા કરવામાં આવી હતી . આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

# બારમાસી ઓર્ગેનિક મસાલા ખરીદવાનો સીધો વિકલ્પ બનતો પ્રાકૃતિક ફાર્મર માર્કેટ- મીલેટ્સ મેળો

### બાળકો-યુવાનોને આકર્ષતા મીલેટ્સમાંથી બનાવેલા કુકીઝ, ખાખરા, ચેવડો સહીતના હેલ્ધી નાસ્તા





કમલમ્,

હાલ બારમાસી મસાલા અને તેલ ભરવાની સિઝન ચાલી રહી છે, ત્યારે રાજકોટના નાના મૌવા સર્કલ પાસે યોજાયોલા મીલેટ્સ મહોત્સવ અંતર્ગત પ્રાકૃતિક ફાર્મર માર્કેટમાં ખેડૂતો દ્વારા પ્રાકૃતિક રીતે તૈયાર કરાયેલ મરચું, હળદર, ધાણાજીરું, સહિતના મસાલાની સારી માંગ જોવા મળી હતી. લોકો આરોગ્યપ્રદ જીવનશૈલી તરફ આગળ વધે તે માટે ચિંતા કરતી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં મીલેટ્સ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ધાન્ય પાકોનું મહત્વ સમજાવી પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત વસ્તુઓ લોકો ગ્રહણ કરે તે માટે ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. ખાસ કરીને બાળકો, યુવાનો, મહિલાઓ મીલેટ એટલે કે જાડા ધાન્યમાંથી તૈયાર થયેલ ખોરાક ગ્રહણ કરી ડાયાબિટીસ, બીપી, હૃદય રોગ, કેન્સર સહિતના રોગથી દૂર રહી શકે તે માટે અવનવી વાનગીઓનું નિદર્શન તેમજ વેચાણ કરવામાં આવ્યું હતું. જંતુનાશકો મુક્ત બારમાસી મસાલા ખાવાથી અનેક રોગોનું જોખમ ટળે છે - પ્રાકૃતિક ખેતી કરતા શ્રી નિલેશભાઈ મુળિયા પ્રાકૃતિક ફાર્મના શ્રી નિલેશભાઈ જણાવે છે કે, તેઓ વર્ષ ૨૦૧૭ થી પ્રાકૃતિક ગાય આધારિત ખેતી કરે છે. લોકોના આરોગ્યની ખેવના કરતા તેઓ ઝેરમુક્ત ધાન્ય વસ્તુઓ મળી રહે તે માટે અનાજ, કઠોળ, મસાલા, તેલીબીયા, ઘઉં, જુવાર, મગફળી, મકાઈ તેમજ શાકભાજીનું રસાયણમુક્ત પ્રાકૃતિક ઉત્પાદન કરી જાતે જ વેચાણ કરે છે. ખાસ કરીને મરચા સહિતના મસાલામાં પેસ્ટીસાઈઝ નાખવાથી હેવી મેટલનું પ્રમાણ વધે છે, જે આરોગ્ય માટે હાનિકારક છે જેથી પ્રાકૃતિક રીતે તૈયાર કરાયેલા મસાલા, ધાન્ય પાકો આરોગવા જોઈએ તેમ તેઓ જણાવે છે.

ટેસ્ટમાં બેસ્ટ મીલેટ્સના ખાખરા

ઓટ્સ, રાગી, જુવાર, બાજરી, રાજગરો, અળસી સહિતના મીલેટ્સમાંથી અવનવા સ્વાદમાં ખાખરા બનાવતા બીટકીટ બ્રાન્ડના શ્રી મીતભાઈ જણાવે છે કે આજકાલ હેલ્ધી બાઈટ્સની ખુબ ડિમાન્ડ છે. ખાસ કરીને આ ખાખરા ઓઈલ ફ્રી શેકેલા હોવાથી ડાયટિંગ માટે ખૂબ ઉપયોગી રહે છે વધુમાં પ્રોટીન પણ મળી રહે છે.

કાચી લાકડાની ઘાણીનું શુદ્ધ તેલ

હાલ બારમાસી તેલ ભરવાની સીઝન પણ ચાલી રહી છે ત્યારે, એક નવા પ્રયોગ સાથે લાકડાની ઘાણીમાં તેલ તૈયાર કરતા શ્રી અલ્પેશભાઈ મોઢા જણાવે છે કે, પરંપરાગત રીતે લાકડાની ઘાણીમાં તેલ તૈયાર કરવાથી તે ગરમ થતું નથી અને તેના મૂળ તત્વો જળવાઈ રહે છે. તેલને શુદ્ધ કરવામાં કોઈ કેમિકલનો વપરાશ પણ કરવામાં આવતો નથી પરિણામે બી.પી. અને હૃદયરોગનું જોખમ રહેતું નથી. વારંવાર તેલ ગરમ થવાથી તેમાં ટ્રાયગ્લીસરાઈડનું પ્રમાણ વધવાથી હૃદયરોગનો હુમલો થવાની શક્યતાઓ વધી જતી હોય છે ત્યારે મૂળભૂત રીતે તૈયાર કરાતું તેલ આરોગ્યપ્રદ બની રહેતું હોવાનું 'શિવમ લાકડા ઘાણી' ના શ્રી હિતેશભાઈ જણાવે છે.

ઉનાળામાં એસીડીટી સહિતના પેટના રોગો માટે બેસ્ટ ગુલકંદ

મીલેટ્સ મેળામાં ગુલાબનું નેચરલ ફાર્મિંગ કરતાના પડધરીના શ્રી દીપભાઈ પીપળીયા મોટા પાયે ગુલકંદનું ઉત્પાદન કરે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા તૈયાર કરાયેલા ગુલાબમાંથી તેઓ ગુલાબની પાંદડી, ખડી સાકર, વરીયાળી, મધ અને ઈલાયચીમાંથી આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ કિલો ગુલકંદનું ઉત્પાદન કરે છે. ઉનાળામાં ખાસ કરીને એસીડીટી, ગેસ સહિતના રોગોમાં ગુલકંદનુ સેવન પેટમાં ઠંડક આપવાનું કામ કરે છે.

રોસ્ટેડ સ્નેક્સ અને કુકીઝ

મીલેટ્સ મેળામાં ખાસ કરીને બાળકો અને યુવાનો માટે તૈયાર કરેલ ખાખરા બાઈટ તેમજ જુવાર, બાજરીનો તેલરહિત ચેવડો ગૃહિણીઓની પહેલી પસંદ બની છે. મેંદા વગરની રાગી જુવાર સહિત ઓટ્સમાંથી તૈયાર થતી બેકરી આઈટમ શરીર માટે ખૂબ હેલ્ધી હોય છે. જ્યારે તેલમુક્ત રોસ્ટેડ સ્નેક્સ ચેવડો તેમજ ખાખરાનું ઉત્પાદન કરતા અવનવા સ્ટોર્સ મીલેટ્સ વાનગીઓનું શહેરીજનોમાં આકર્ષણ જગાવી રહ્યા છે. ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત બે દિવસીય મિલેટ્સ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ આવનારા સમયમાં લોકોને સ્વાસ્થ્યપ્રદ જીવન શૈલી તરફ આગળ વધારવામાં અગત્યની ભૂમિકા પૂરી પાડશે તેમ ચોક્કસ કહી શકાય.

# નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાના હસ્તે સુરેન્દ્રનગરમાં રૂ. ૧૩.૫૯ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

### સુરેન્દ્રનગરની કાયાપલટ કરવા સરકાર કટિબદ્ધઃ આગામી સમયમાં રિવરફ્રન્ટ અને આઈકોનિક રોડ જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ સાકાર થશે - નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા



કમલમ્, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં જનસુખાકારી અને આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાના હસ્તે હવામહેલ ખાતે કુલ રૂ. ૧૩.૫૯ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોનું ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટ અંતર્ગત શહેરમાં અનેક નોંધપાત્ર કામો હાથ ધરવામાં આવ્યા છે, જે આગામી ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગરની કાયાપલટ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ સાથે જ વઢવાણનો પંજાબબેંક વાળો રસ્તો અને ૮૦ ફૂટ રોડને 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવાની નેમ પણ તેમણે વ્યક્ત કરી હતી. શહેરના આગામી આયોજન અંગે વિગતો આપતા વધુમાં ઉમેર્યું હતું કે, કોલેજથી ગેબનશાહ પીર સુધીના રિવરફ્રન્ટ માટે રૂ. ૪૮ કરોડનું ટેન્ડર મંજૂર થઈ ગયું છે, જ્યારે રતનપરથી વઢવાણ સુધીના રિવરફ્રન્ટ માટે રૂ. ૨૬૫ કરોડની મહત્વાકાંક્ષી યોજના સરકારમાં રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરમાં ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે મેક્સન સર્કલથી દાળમિલ રોડ સુધી રૂ. ૬૯ કરોડના ખર્ચે બ્રિજ બનાવવાની દરખાસ્ત હાલ અંતિમ તબક્કે છે. આ કાર્યક્રમ દરમિયાન રૂ. ૯.૩૫ કરોડના ખર્ચે સાકાર થનારા વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને શહેરી પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે બસ સ્ટેશન અને બસ સ્ટોપના સંચાલન અર્થે રૂ. ૩.૬૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. શહેરના સૌંદર્યીકરણ પર ભાર મૂકતા વિવિધ સર્કલો ખાતે આકર્ષક સ્કલ્પચર બનાવવા માટે રૂ. ૭૭ લાખ અને ઐતિહાસિક અજરામર ટાવર સર્કલના આધુનિકીકરણ માટે રૂ. ૬૫ લાખના ખર્ચે વિકાસકામો હાથ ધરવામાં આવશે. નાગરિકોના મનોરંજન અને પર્યાવરણની જાળવણી માટે વઢવાણ વિસ્તારમાં ખાંડીપોળ પાસે રૂ. ૧ કરોડના ખર્ચે આધુનિક બગીચો તૈયાર કરવામાં આવશે. સાથોસાથ વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવાના હેતુથી, ખાસ કિસ્સામાં ફાળવાયેલ ગ્રાન્ટમાંથી સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની ઓફિસ બિલ્ડીંગના બીજા અને ત્રીજા માળના બાંધકામ માટે રૂ. ૩.૨૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. વિકાસની આ મજલમાં સુરેન્દ્રનગરની શાન સમાન દૂધરેજ તળાવના નવીનીકરણનું કાર્ય પણ સફળતાપૂર્વક સંપન્ન થયું છે. 'અમૃત ૨.૦' યોજના અંતર્ગત રૂ. ૪.૨૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ નવપલ્લિત તળાવને આજે લોકાર્પણ કરી જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ તકે મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગવ્હાણે, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી ગૌતમકુમાર મકવાણા સહિત પદાધિકારી શ્રી ઓ, અગ્રણીશ્રીઓ, વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

**સંતરામપુર તાલુકાના સાંગાવાડા શક્તિ કેન્દ્ર ટીમલા - ૧,૨ ખાતે "શક્તિકેન્દ્ર સંધાન" બેઠક વિસ્તારના ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર સાહેબ અધ્યક્ષ સ્થાને ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાઈ. સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યકર્તાઓએ બૂથ જીત – ચૂંટણી જીતના સંકલ્પ સાથે ભાજપને વધુ મજબૂત બનાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. સંગઠન જ ભાજપની સૌથી મોટી શક્તિ છે. આ તકે ગામના સરપંચશ્રી, શક્તિકેન્દ્ર સંયોજક, સહ-સંયોજકશ્રી ,બુથ પ્રમુખશ્રીઓ, સક્રિય કાર્યકરતાઓ હાજર રહ્યાં હતાં.**

# સુરેન્દ્રનગરના હવામહેલ ખાતે બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ કરાવતા નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા

**વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'મિલેટ્સ' બન્યું વૈશ્વિક જન આંદોલન; આપણા પૂર્વજોના આહાર એવા 'શ્રી અન્ન'ને ફરી અપનાવીએ:નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા**









કમલમ્,સુરેન્દ્રનગર

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા સુરેન્દ્રનગર વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આજથી વઢવાણના ઐતિહાસિક હવામહેલ ખાતે બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'નો પ્રારંભ નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ અવસરે તેમણે સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે રૂ. ૧૩.૫૯ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કર્યા હતા. આ તકે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવાન નેતૃત્વમાં વર્ષ ૨૦૨૩ને 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' તરીકે વિશ્વભરમાં ઉજવીને 'શ્રી અન્ન'નું મહત્વ સ્થાપિત કરવામાં આવ્યું છે. આપણા પૂર્વજોના આહારમાં બાજરી, જુવાર અને રાગી જેવા ધાન્યો મુખ્ય હતા, જે આજે ફરીથી મેદસ્વિતા અને હૃદયરોગ જેવી બીમારીઓ સામે લડવા માટે અનિવાર્ય બન્યા છે. આ મહોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ મિલેટ્સ પકવતા ખેડૂતોને પ્રોત્સાહન આપી નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનું એક મહાઅભિયાન છે. ખેડૂતોને રાસાયણિક ખાતરના જોખમો સામે સાવચેત કરી અપીલ કરતાં તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રાસાયણિક ખેતીથી જમીન તો બગડી જ છે, પરંતુ તેનાથી થતા રોગો સમાજ માટે ખતરો બન્યા છે. વેચાણ માટે નહીં, તો પોતાના પરિવારના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પણ પ્રાકૃતિક ખેતી અપનાવવી જોઈએ. સુરેન્દ્રનગર જિલ્લામાં અંજીર, દાડમ અને હળદર જેવા પાકોમાં થઈ રહેલા પ્રાકૃતિક ખેતીના સફળ પ્રયોગોની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે, ઝેરમુક્ત ખેતી એ જ સુખી અને નિરોગી સમાજનો પાયો છે. રાજ્ય સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો આપતા વધુમાં ઉમેર્યું હતું કે, સરકારે હંમેશા સંવેદનશીલ અભિગમ અપનાવી કમોસમી વરસાદ સામે રૂ. ૧૧,૦૦૦ કરોડનું રાહત પેકેજ સીધું ખેડૂતોના ખાતામાં જમા કર્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં કૃષિ અને સહકાર વિભાગ માટે રૂ. ૨૪,૦૨૨ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે, જેનાથી ખેડૂતોને ટ્રેક્ટર સહાય, સ્માર્ટફોન અને ગોડાઉન બનાવવા જેવી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. આજે મહાનગરપાલિકાના રૂ. ૧૩.૫૯ કરોડના વિવિધ કામોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયા છે. આગામી ત્રણ વર્ષમાં રૂ. ૪૮ કરોડના ખર્ચે સાકાર થનારા રિવરફ્રન્ટ પ્રોજેક્ટથી સુરેન્દ્રનગરની કાયાપલટ થશે, તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. વધુમાં, આ બે દિવસીય મહોત્સવમાં આયોજિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની માહિતી આપી જિલ્લાના તમામ નાગરિકોને સહપરિવાર આ મહોત્સવની મુલાકાત લેવા, પ્રાકૃતિક ઉત્પાદનોના સ્ટોલ પરથી શુદ્ધ આહારની ખરીદી કરવા અને પરંપરાગત વાનગીઓનો આસ્વાદ માણી આ જનજાગૃતિ અભિયાનમાં સહભાગી થવા પણ અનુરોધ કર્યો હતો. મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગવ્હાણેએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, આ મહોત્સવ ઝાલાવાડ પંથકના પરંપરાગત બાજરાના ઉત્પાદનને પુનઃજીવિત કરવા માટે છે. મિલેટ્સ ડાયાબિટીસના દર્દીઓ માટે અત્યંત ફાયદાકારક છે અને જમીનને કુદરતી મિનરલ્સ પૂરા પાડે છે. મિલેટ્સના વાવેતરથી રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટે છે અને જમીનની ગુણવત્તા જળવાય છે, જે માટે સરકાર ખેડૂતોને યોગ્ય ભાવ અને બજાર મળે તેવા પ્રયાસો કરી રહી છે. તેમણે હવામહેલ ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતનાં આકર્ષણોનો લાભ લેવા નગરજનોને અપીલ કરી હતી. આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ભરતભાઈ પટેલે પ્રાકૃતિક કૃષિ અને મિલેટ્સ વિશે વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું હતું કે, 'શ્રી અન્ન' એટલે કે મિલેટ પાકો એક ઉત્તમ ઔષધિ સમાન છે. તેમણે ખેડૂતોને કપાસ જેવા રોકડિયા પાકોના સ્થાને ઓછામાં ઓછા એકથી બે વીઘામાં મિલેટ પાકોનું પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી વાવેતર કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી અને મહાનુભાવોનું સ્વાગત 'મિલેટગુચ્છ'થી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂતોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મિલેટ મહોત્સવ અન્વયે ખાસ શુભેચ્છા સંદેશ પણ નિહાળ્યો હતો. મહાનુભાવોએ મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક શાકભાજી અને આધુનિક મિલેટની વાનગીઓના સ્ટોલ્સની મુલાકાત લઈ ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. આ મહોત્સવમાં મિલેટ પ્રોડક્ટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશોના વિશેષ સ્ટોલ્સ, રસાયણમુક્ત તાજા શાકભાજી, ફળો અને મિલેટ્સમાંથી બનેલી આધુનિક વાનગીઓનો આનંદ માણી શકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, બાળકો માટે 'ચિલ્ડ્રન પ્લે એરિયા' અને વિવિધ ખાણી-પીણીના સ્ટોલ્સ પણ ઊભા કરવામાં આવ્યા છે. આ પ્રસંગે વઢવાણ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અંબારામભાઈ દૈવૈયા, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી જયેશભાઈ ચાવડા સહિત પદાધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, હોદેદારશ્રીઓ, સંબંધિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, મોટી સંખ્યામાં ખેડૂતો તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

**મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કનાવાડા બ્રાઈટ સ્કૂલ ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. આ બેઠકમાં પ્રદેશ ચૂંટણી સમિતિના સદસ્ય અને દાહોદ લોકસભાના સાંસદશ્રી જસવંતસિંહ ભાભોર, સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીંડોર તથા અન્ય મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી. બેઠક દરમિયાન ચૂંટણીલક્ષી વ્યૂહરચના, સંગઠન મજબૂતી અને વિકાસના એજન્ડાને વધુ પ્રભાવશાળી રીતે લોકો સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં હાજરી આપવાનો અવસર પ્રાપ્ત થયો. આ તકે ગુજરાત પ્રદેશ મંત્રીશ્રીમતિ મુક્તિબેન જોષી, મહીસાગર જિલ્લા પ્રભારીશ્રી નિતીનભાઈ પટેલ, મહીસાગર જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયા, જિલ્લા મહામંત્રીશ્રી તેજશભાઈ શાહ, ચિંતનભાઈ પટેલ, કમલેશભાઈ પાદરીયા, મોરવા હડફના ધારાસભ્યશ્રી નિમિષાબેન સુથાર, બાલાસિનોર ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, પૂર્વ સાંસદશ્રી રતનસિંહ રાઠોડ, પૂર્વ ધારાસભ્યશ્રી જિજ્ઞેશભાઈ સેવક, ચૂંટણી ઇન્ચાર્જ, સહ ઇન્ચાર્જ, જિલ્લાની મુખ્ય ટીમ અને તાલુકાના પ્રમુખ મહામંત્રીશ્રીઓ હાજર રહ્યાં હતાં.**



કમલમ્,

**સંતરામપુર તાલુકાના પ્રવાસ દરમિયાન સંતરામપુર થી ખેડાપા રાજસ્થાન બોર્ડરને જોડતા નિર્માણાધીન માર્ગની રૂબરૂ મુલાકાત ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે લઇ કામની પ્રગતિની સમીક્ષા કરી તથા ગુણવત્તાસભર અને સમયસર પૂર્ણતા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા.**



કમલમ્,

**સંતરામપુર નગર ( મેઈન બજાર ) ખાતે સ્નેહી શ્રી પાર્થભાઈ લછ્છવાણી ના નવીન સોપાન 'COLORS SHE N MINI'ના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવી.**



કમલમ્,

**કડાણા તાલુકાના ઘોડિયાર નદીનાથ મહાદેવ મંદિર હોલ ખાતે ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લાના પ્રભારીશ્રી નીતિનભાઈ પટેલજીની અધ્યક્ષતામાં જિલ્લાના પદાધિકારીઓની પરિચય બેઠક યોજાઈ. આ બેઠકમાં ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી સંગઠનના પદાધિકારીઓ સાથે પરિચય કર્યો તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. આગામી સમયગાળામાં સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ ગતિશીલ બનાવવા અંગે રચનાત્મક ચર્ચા કરવામાં આવી. આ તકે મહીસાગર જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયા, મહીસાગર જિલ્લા મહામંત્રીશ્રી તેજશભાઈ, કમલેશભાઈ, ચીંતનભાઈ, જિલ્લા મંત્રીશ્રીમતિ રમીલાબેન ડામોર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, કડાણા તાલુકા મંડળ પ્રમુખશ્રી પર્વતભાઈ ડામોર, મહામંત્રીશ્રી અજયપાલસિંહ ચૌહાણ, પ્રવિણભાઈ બારીયા, મહીસાગર જિલ્લા ચુંટણી સમિતિ સભ્યશ્રી ભગવતસિંહ, સરપંચશ્રીઓ, શક્તિ કેન્દ્ર સહયોજકશ્રીઓ, સહ સહસહયોજકશ્રીઓ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.**

# ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજા દ્વારા નર્મદા પરિક્રમા સુવિધાઓનું સઘન નિરીક્ષણ



કમલમ્,

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને ચરિતાર્થ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ધાર્મિક પરંપરાઓના સંરક્ષણ સાથે આધુનિક સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. પવિત્ર ભૂમિ પર ગત ૧૯ માર્ચ (ફાગણ વદ અમાસ)થી પ્રારંભ થયેલી અને ૧૭ એપ્રિલ (ચૈત્ર વદ અમાસ) સુધી ચાલનારી ૩૦-દિવસીય 'ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા' લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતીક છે. આ પરિક્રમા દરમિયાન યાત્રિકોને કોઈ અગવડ ન પડે તે માટે માન. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને માન. રા.ક.મંત્રી શ્રી જયરામભાઈ ગામીતના માર્ગદર્શન હેઠળ બોર્ડ દ્વારા ઊભી કરાયેલી વ્યવસ્થાઓની ગુણવત્તા તપાસવા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજાએ શુક્રવાર ૨૦ માર્ચ, ૨૦૨૬ના રોજ પરિક્રમા રૂટ અને વિવિધ ઘાટની રૂબરૂ મુલાકાત લઈ સમિક્ષા કરી હતી.

રામપુરા ઘાટની મુલાકાત, આત્મીય સંવાદ અને સુરક્ષાની સમીક્ષા:

સચિવ શ્રી રમેશ મેરજાએ રામપુરા ઘાટ ખાતે પહોંચીને સૌથી પહેલાં શ્રદ્ધાળુઓ માટે તૈયાર કરવામાં આવેલી જેટી અને બોટિંગ વ્યવસ્થાની સમિક્ષા કરી હતી. તેમણે ખાસ કરીને લાઈફ જેકેટના ઉપયોગ અને સલામતીના નિયમોના ચુસ્ત પાલન પર ભાર મૂક્યો હતો. યાત્રિકો માટે પીવાનું પાણી, સ્નાન માટેના ઘાટ, મહિલાઓ માટે અલાયદા ચેન્જિંગ રૂમ, લાઈટિંગ અને આરોગ્ય કેન્દ્રોની સુવિધા તેમણે પ્રત્યક્ષ નિહાળી હતી. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે કાર્યરત સીસીટીવી (CCTV) કંટ્રોલ રૂમની પણ તેમણે મુલાકાત લીધી હતી.પરિક્રમાના રૂટ પર પદયાત્રા દરમિયાન સચિવશ્રીએ શ્રદ્ધાળુઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો અને સુવિધાઓ અંગે તેમનો પ્રતિભાવ મેળવ્યો હતો. યાત્રા માર્ગ પર તેમણે મિશન મંગલમની બહેનો દ્વારા ચલાવવામાં આવતા સ્ટોલની મુલાકાત લઈ તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, શ્રી મેરજાએ મા નર્મદાના દર્શન અને આરતીમાં ભાગ લઈ ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. તેમણે સેવાભાવી સંસ્થાઓ અને આશ્રમો દ્વારા આપવામાં આવતા ભોજન-વિશ્રામની વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. બોર્ડ દ્વારા કરવામાં આવેલા સુઆયોજિત પાર્કિંગ અને વિશ્રામ સ્થળોની સગવડથી યાત્રિકોને પડતી સરળતા જોઈ સચિવશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ઊભી કરાયેલી માળખાકીય સુવિધાઓ:

બોર્ડ દ્વારા યાત્રાળુઓ માટે વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં ખાટલા, ગાદલા, ઓશીકા અને આરામની બેઠક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત મેડિકલ યુનિટ, 24x7 એમ્બ્યુલન્સ, ક્લોક રૂમ અને સ્વચ્છતા માટેની સઘન સવલતો ઉપલબ્ધ કરાવાઈ છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની આ તડામાર તૈયારીઓ, સઘન માળખાકીય સુવિધાઓ અને સતત મોનિટરિંગના પરિણામે પરિક્રમા કરી રહેલા લાખો શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે પોતાનો આધ્યાત્મિક પ્રવાસ પૂર્ણ કરી રહ્યા છે

# વડોદરામાં ૪૫મી રાષ્ટ્રીય મેડિકોસ કોન્ફરન્સનો ભવ્ય સમાપન, રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિ

**"રાષ્ટ્રને પ્રથમ"ના સંદેશ સાથે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં જોડાવા હાકલ**




કમલમ્,

વડોદરા ખાતે આયોજિત ૪૫મી રાષ્ટ્રીય મેડિકોસ કોન્ફરન્સ (NMCON 2026) ના સમાપન સમારોહમાં ગુજરાતના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. શહેરની એક મેડિકલ કોલેજ ખાતે યોજાયેલી આ બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં દેશભરના વિદ્યાર્થીઓ અને ડોકટરો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમાપન પ્રસંગે મંત્રીશ્રીએ પરિષદની પ્રશંસા કરતાં તેને "મિની કુંભ" તરીકે સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું કે દેશના વિવિધ ખૂણાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને ડોકટરો અહીં ભેગા થઈને જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે અને હવે તે જ્ઞાનનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રની સેવા માટે કરશે. તેમણે વધુમાં "રાષ્ટ્રને પ્રથમ" રાખવાનો સંદેશ આપતાં યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. NMCON 2026 માં યુવા ડોકટરો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીની પણ તેમણે પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન બે દિવસ દરમ્યાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને મંત્રીશ્રીએ ઈનામો એનાયત કર્યા હતા. આ સમાપન સમારોહમાં ડૉ. જયંતિ ભદેસિયા, ડૉ. રંજન ઐયર, ડૉ. વ્રજેશ શાહ સહિત આયોજન સમિતિના અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.



કમલમ્,

**સંતરામપુર બસ ડેપો ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા નાગરિકોની મુસાફરી વધુ સુગમ અને સુવિધાસભર બને તે માટે સંતરામપુર ડેપો થી પવિત્ર યાત્રા ધામ અંબાજી મંદિર સુધી નવી બસ સેવા શરૂ કરી જેને સંતરામપુર વિધાનસભા ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. આ તકે જાતે બસ ચલાવી મુસાફરો સાથે જોડાઈ તેમની ખુશીમાં ભાગીદાર બનવાનો અવસર મળ્યો. સેવાભાવ અને વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું એક નાનું પગલું. બસ સેવા લોકો માટે વધુને વધુ સરળતાથી પ્રાપ્ય થાય અને જાહેર પરિવહનનું માળખું સુદ્રઢ બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ તકે મહીસાગર જિલ્લા મંત્રીશ્રી સંદીપભાઈ ભોઈ, સંતરામપુર નગર પ્રમુખશ્રી નિતીનભાઈ રાણા, મહામંત્રીશ્રી પ્રિતેશભાઈ ખાંટ, નગરપાલિકા ઉપાધ્યક્ષશ્રી જીતેન્દ્રસિંહ ઝાલા, સચિન શાહ, કોર્પોરેટરશ્રીઓ કાર્યકર્તાઓ ભાઈઓ બહેનો હાજર રહ્યાં હતાં.**




# મેદાનમાં રહીશું તો બધું પ્રાપ્ત થશે, મેદાન છોડનારા કદી જીતતા નથી: મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ

**રમતોત્સવમાં મેળવેલા મેડલ્સ એ ખેલાડીઓની મહેનત, સમર્પણ અને સંકલ્પનો જીવંત પુરાવો છે-મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ**





## ખેલ મહાકુંભ અને રમતોત્સવ જેવા આયોજનો ૨૦૩૬ ઓલિમ્પિકમાં ભારતના મજબૂત પ્રતિનિધિત્વની પૂર્વ તૈયારી છે : કમાન્ડન્ટ જનરલ શ્રી શમશેર સિંહ

કમલમ્,

ગુજરાત રાજ્યના હોમગાર્ડ્ઝ અને સિવિલ ડિફેન્સ વિભાગ દ્વારા આયોજિત વાર્ષિક રમતોત્સવ ૨૦૨૫-૨૬નું સમાપન ગાંધીનગર સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ખાતે ભવ્ય રીતે સંપન્ન થયું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યના નાણાં, ગૃહ, આબકારી અને નાગરિક સંરક્ષણ રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલે ઉપસ્થિત રહી વિજેતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમાપન સમારોહમાં ખેલાડીઓને પ્રેરક ઉદબોધન આપતા મંત્રી શ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હોમગાર્ડના જવાનો અને ખેલાડીઓને સંબોધતા જણાવ્યું હતું કે,આજે હોમગાર્ડના જવાનોની અંદર જે ખેલદિલી, રમત અને તાકાત છુપાયેલી છે, તેની એક ઝાંખી આ ઈનામ વિતરણ અને સમાપન કાર્યક્રમમાં સ્પષ્ટપણે જોવા મળી છે. વધુમાં તેમણે ખેલાડીઓને પ્રેરણા આપતા ઉમેર્યું હતું કે, મેદાનમાં રહીશું તો બધું જ પ્રાપ્ત થશે, મેદાન છોડનારા કદી જીતતા નથી. આ સંદર્ભમાં તેમણે મહાભારતનું ઉદાહરણ આપતા જણાવ્યું કે, શ્રીકૃષ્ણએ અર્જુનને મેદાન ન છોડવા માટે જે પ્રેરણાદાયી બોધ આપ્યો હતો, તેને અનુસરીને આપણે પણ હંમેશા મેદાનમાં આગેકૂચ કરવી જોઈએ. આજે શહીદ દિવસ હોવાનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે,ભારતની આઝાદી માટે જેણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું છે અને પોતાના બલિદાન થકી આપણને નવજીવન આપ્યું છે, તેવા ભારતમાતાના વીર સપૂતોને તેમના બલિદાન દિવસે નતમસ્ત વંદન કરીને આપણે સૌ સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ. તેમણે ખેલાડીઓને એમ પણ જણાવ્યું હતું કે, રમતગમત માત્ર જીતવા કે સ્પર્ધા માટે નથી, પરંતુ તે ભાઈચારો વધારવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

પોલીસ વિભાગનું ધ્યેય વાક્ય 'સેવા, સુરક્ષા અને શાંતિ' છે. આ જ ઉદેશ્ય સાથે આપણે સૌએ આગળ વધવાનું છે, તો જ આપણે ભારતની એકતા, અખંડિતતા અને શાંતિને જાળવી રાખવામાં આપણી ભૂમિકા ભજવી શકીશું. ૨૪ કલાક ફરજ પર કાર્યરત હોવા છતાં રમતગમત માટે આપે જે સમય ફાળવ્યો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. અંતમાં તેમણે વડાપ્રધાનશ્રીના 'ખેલ મહાકુંભ', 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' થી લઈને 'ખેલેગા ઈન્ડિયા' સુધીના કન્સેપ્ટ વિશે વાત કરતા જણાવ્યું કે, આ અભિયાનો થકી જ આપણે અંતરિયાળ ગામોમાંથી રમતવીરોનું કૌવત બહાર લાવી શક્યા છીએ, જેના પરિણામે સરિતા ગાયકવાડ જેવા ધુરંધર રમતવીરો આપણને મળ્યા છે.

રમતગમત જગત થકી સમાજને વ્યસનમુક્ત કરવા, મેદસ્વીતા દૂર કરવા તથા ડાયાબિટીસ જેવા શારીરિક અને માનસિક રોગોથી મુક્તિ મેળવવા માટે મેદાનમાં ઉતરવું જરૂરી છે.રમતગમતથી કુવિચારો દૂર થાયછે અને મેદાનમાં ઊભા રહેવાથી 'સ્પોર્ટ્સમેન સ્પિરિટ'ની અનુભૂતિ થાય છે. આ રમતોત્સવમાં મેળવેલા મેડલ્સ એ ખેલાડીઓની મહેનત, સમર્પણ અને સંકલ્પનો જીવંત પુરાવો છે. આ અવસરે સ્વાગત પ્રવચન કરતા હોમગાર્ડઝના કમાન્ડન્ટ જનરલ શ્રી શમશેર સિંહે જણાવ્યું હતું કે,વડાપ્રધાન શ્રીના 'ખેલ મહાકુંભ' અને 'રમશે ગુજરાત' જેવા અભિયાનોને કારણે આજે ગુજરાતના યુવાનો રમત જગતમાં આગળ વધી રહ્યા છે. આ રમતોત્સવ એ ૨૦૩૦ના કોમનવેલ્થ અને ૨૦૩૬ના ઓલિમ્પિક માટેની પૂર્વતૈયારીનો જ એક ભાગ છે. શારીરિક શ્રમ અને માનસિક ચપળતા એ આપણા જવાનો માટે અનિવાર્ય છે.અને તે વધારવાનું કામ રમતો કરે છે. આ રમતોત્સવમાં ગુજરાતના ચાર ઝોન - ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માંથી હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સના મહિલા તથા પુરુષ ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. બે દિવસ દરમિયાન ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મીટરની દોડ, રસ્સા ખેંચ, ગોળા ફેંક અને વોલીબોલ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને જવાનોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ અને દેશભક્તિ યુકત વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત એક વિશેષ બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોના હસ્તે આ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. હોમગાર્ડઝ અને જી.આર.ડી.ના જવાનો દ્વારા યોજાયેલી આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય 'ખેલેગા ઈન્ડિયા', 'સ્વચ્છતા અભિયાન', 'પાણી બચાવો' અને 'સ્વદેશી અભિયાન' જેવા રાષ્ટ્રહિતના નારા સાથે જનજાગૃતિ ફેલાવવાનો હતો.

# શાળાનું આ નવું ભવન બાળકોનાં ભવિષ્ય માટેનું શ્રેષ્ઠ રોકાણ છે-મંત્રી રિવાબા જાડેજા

**માણસાના વિહાર ગામે શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના હસ્તે રૂપિયા બે કરોડના ખર્ચે નવનિર્મિત 'સ્કૂલ ઓફ એક્સેલન્સ' ભવનનું લોકાર્પણ**



## શાળા માત્ર ઈંટો અને સિમેન્ટનું મકાન નથી, પણ દેશનાં શ્રેષ્ઠ નાગરિકો ઘડવાનું કેન્દ્ર છે-મંત્રી રિવાબા જાડેજા

કમલમ્,

ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત માણસા તાલુકાની ૧૩૨ વર્ષ જૂની ઐતિહાસિક શ્રી વિહાર પ્રાથમિક શાળાને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવું ભવન પ્રાપ્ત થયું છે. રાજ્ય સરકાર દ્વારા રૂપિર બે કરોડથી વધુના ખર્ચે નિર્મિત આ 'સ્કૂલ ઓફ એક્સેલન્સ' ભવનનું લોકાર્પણ શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. લોકાર્પણ બાદ પ્રાસંગિક ઉદબોધન કરતા મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે,આજે વિહાર ગામના બાળકો માટે રૂપિયા ૨ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓ ધરાવતું ભવન તૈયાર થયું છે, જે રાજ્ય સરકારનું બાળકોનાં ઉજ્જ્વળ ભવિષ્ય માટેનું રોકાણ છે. ૧૩૨ વર્ષ જૂની આ શાળાના જર્જરિત ઓરડાઓ ઈતિહાસ બની જશે. સરકાર રાજયમાં ક્યાંય પણ બાળકો જર્જરિત ઓરડામાં ભણે તે ચલાવી લેવા માંગતી નથી. તેથી જ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યભરમાં ૫૨,૦૦૦થી વધુ નવાં વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા છે. વિહારમાં હવે આંગણવાડીથી ધોરણ ૧૦ સુધીની ઉત્તમ સુવિધા ઘરઆંગણે ઉપલબ્ધ છે, જે સામાજિક સમરસતા અને વિકાસનું પ્રતિક છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે,શાળા માત્ર ઈંટો અને સિમેન્ટનુ મકાન નથી, પણ દેશના શ્રેષ્ઠ નાગરિકો ઘડવાનું કેન્દ્ર છે. વિહાર શાળાનાં બાળકો NMMS, જ્ઞાનસેતુ અને ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે તે ગૌરવની વાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @2047'ના સંકલ્પને સાકાર કરવા શિક્ષણ અનિવાર્ય છે. વાલીઓ અને ગ્રામજનોએ સાથે મળીને કન્યા શિક્ષણ અને સમાનતા પર ભાર મૂકવો જોઈએ. આ અવસરે ગામના જે દાતાશ્રીઓએ રૂપિયા ૧૫ લાખથી વધુની રકમનું માતબર દાન આપીને સહયોગ આપ્યો છે તે બદલ મંત્રી શ્રીએ સૌને અભિનંદન પાઠવ્યા હતા. આ શાળાના નવનિર્માણમાં સહયોગ આપનાર કુલ ૩૨ દાતાશ્રીઓનો સત્કાર કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાંથી આઠ દાતાશ્રીઓનું મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાના હસ્તે સન્માન કરવામાં આવ્યુંહતું. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલ, જિલ્લા પક્ષ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી સરકારના શિક્ષણલક્ષી કાર્યોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડાયેટ ગાંધીનગરના પ્રાચાર્ય શ્રી હિતેશભાઈ દવેએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ લોકાર્પણ અવસરે ગામના પ્રથમ નાગરિક સરપંચ શ્રીમતી સીતાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પીયૂષભાઈ, પંચાયતના સભ્યો, એસ.એમ.સી. કમિટીના સભ્યો, દાતાશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શિક્ષણ પ્રત્યેના ઉત્સાહ અને લોકભાગીદારીના સંગમ સમાન બની રહ્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028